| | | |
|---|---|---|
| અરજી રજૂ તારીખ | :- | ૧૨-૦૮-૨૦૨૨ |
| અરજી દાખલ તારીખ | :- | ૧૨-૦૮-૨૦૨૨ |
| અરજી નિકાલ તારીખ | :- | ૦૬-૦૫-૨૦૨૪ |
| સમય અવધિ | :- | વર્ષ માસ દિવસ<br>૦૧ - ૦૮-૨૫ |

# મહુધા ના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રી ની કોર્ટ માં , મુકામ- મહુધા

## <u>ફોજદારી પરચુરણ અરજી નંબર-૧૪૯/૨૦૨૨</u>

આંક : -

**<u>અરજદાર :-</u>**

નિપાબેન તે અતુલકુમાર ગોરધનભાઈ પટેલ ની પત્ની

ઉ.વ.આ. ૨૭ , ધંધો- ઘરકામ

રહેવાસી- ઉંદરા, તા. મહુધા, જી. ખેડા

-----------------------------------------------

**વિરૂધ્ધ**

**<u>સામાવાળા :-</u>**

(૧) અતુલભાઈ ગોરધનભાઈ પટેલ

ઉ.વ.આ.૩૦, ધંધો- ખેતી

(૨) ગોરધનભાઈ છોટાભાઈ પટેલ

ઉ.વ.આ. પુખ્ત, ધંધો- ખેતી

(૩) કોકીલાબેન ગોરધનભાઈ પટેલ

ઉ.વ.આ. પુખ્ત, ધંધો- ઘરકામ

(૪) હીતેશભાઈ ગોરધનભાઈ પટેલ

ઉ.વ.આ. પુખ્ત, ધંધો– ખેતી

(૫) મનીશાબેન અંકિતભાઈ પટેલ

ઉ.વ.આ. પુખ્ત, ધંધો– ઘરકામ

તમામ રહેવાસી– પટેલ ફળીયુ, મુ. રામપુરા (અરેરા) , તા. નડીયાદ

---------------------------------------

બાબત:– ૨૦૦૫ (૨૦૦૫ના ૪૩નાં) કૌટુંબીક હીંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમની કલમ ૧૨ હેઠળની અરજી

| | |
|---|---|
| અરજદાર તરફે | વિ.વ.શ્રી એન.જે. પંડયા |
| સામાવાળાઓ તરફે | વિ.વ.શ્રી વિ.જે. દવે |

–:: **ચુકાદો** ::–

(૧)... **અરજદાર ની અરજી ની હકીકત :–**

અરજદાર ના લગ્ન સામાવાળા નંબર–૧ ની સાથે તારીખ–૧૬/૦૫/૨૦૦૯ ના રોજ ઉંદરા મુકામે હીન્દુ શાસ્ત્રોકત વિધિ મુજબ તેઓ ની જ્ઞાતિ ના રીત રીવાજ મુજબ થયેલ હતા. , લગ્ન સમયે અરજદાર ના ઓ ને તેઓ ના માતા પિતા તથા સગા સંબધી ઓ તરફ થી પિયર માથી કરીયાવર તથા ભેટ સોગાદો આપવા માં આવેલ હતી જેવા કે સોના ચાદી ના દાગીના, કપડા લતા, વાસણ કુસણ તથા ઘરવખરી નો સામાન લઈ ને આ અરજદાર ના ઓ આ સામાવાળા નંબર–૧ ના ઘરે રામપુરા મુકામે ગયેલ હતા.

અરજદાર ના ઓ તેઓ ની સાસરી માં સામાવાળા નંબર–૧ ની સાથે સયુકત કુટુંબ માં રહેતા હતા. શરૂઆત માં તેઓ ની લગ્ન જીવન સારી રીતે ચાલતુ હતુ. ત્યાર બાદ આ લગ્ન જીવન થી એક દીકરી નામે મંથન નો જન્મ થયેલ હતો અને તેમજ એક દીકરી નામે ટ્રીસા નો પણ જન્મ થયેલ હતો. ત્યાર બાદ આ સામાવાળા નંબર–૧ દારુ પીવાની લતે ચઢી ગયેલ હતા. રોજ દારુ પી ને આવી ને અરજદાર ની સાથે નાની નાની બાબતો માં ઝગડો કરતા હતા. કોઈ પણ જાત ના કારણ વગર અરજદાર ને મારઝુડ કરતા હતા. અરજદાર ના સાસુ કોકીલાબેન ના ઓ તથા સસરા ગોરધનભાઈ છોટાભાઈ ના ઓ તથા દીયર હીતેશભાઈ ના ઓ તથા નણંદ મનીષાબેન ના ઓ આ અરજદાર ના પતિ નુ ઉપરાણુ લઈ ને અરજદાર ના ઓ ને ગાળો બોલતા હતા. સામાવાળા નંબર–૧ અરજદાર ને શારીરીક તેમજ માનસીક ત્રાસ આપતા હતા. વારં વાર અરજદાર ને મારઝુડ કરતા હતા. તેમ છતા અરજદાર ઘરસંસાર તથા બાળકો નુ ભવિષ્ય ના બગડે તે હેતુસર સહન કરતા હતા.

ગયા વર્ષે ધનતેરસ ની રાત્રી ના આશરે દશ થી અગીયાર વાગ્યા ના સુમારે આ કામ ના સામાવાળા નંબર–૧ દારુ પી ને ઘરે આવેલ હતા અને અરજાદર ને ગંદી ગાળો બોલવા લાગેલા હતા જેથી અરજદાર ના ઓ એ જણાવેલ કે ઘર માં બાળકો મોટા થઈ ગયેલ છે ગાળો બોલશો નહી અને તે સમયે આ અરજદાર ના સાસુ, સસરા તથા નણંદ અને દીયર આ અરજદાર ના પતિ નુ ઉપરાણુ લઈ ને આવેલ હતા અને અરજદાર ને ગમે તેમ બોલવા લાગેલા હતા. અરજદાર ની પાસે થી તેણી ના સગીર બાળકો ને છીનવી લઈ ને અરજદાર ને કહેલ કે તુ તારા માતા ના ઘરે જતી

રહે અને જેથી અરજદાર ના ઓ અરેરા રોડ ઉપર આવેલ અને ત્યાથી રીક્ષા માં બેઠેલા અને મેઈન હાઈવે ઉપર આવેલા અને ત્યા થી અરજદાર ના ઓ એ રીક્ષા વાળા પાસે થી ફોન કરી અને અરજદાર ના ઓ એ તેમની માતા ને ગાડી કરી અને લેવા આવવા માટે જણાવેલ હતુ., અરજદાર ની માતા જશભાઈ ના પંપ ની ચોકડી ઉપર ભાડા ની ગાડી લઈ ને રાત્રી ના બે વાગે અરજદાર ને લેવા માટે આવેલ હતા. . ત્યાર બાદ પણ અરજદાર ના ઓ એ તેમના સગા સંબધી ઓ મારફતે આ અરજદાર ને તેડી જવા માટે રૂબરૂ માં તથા ટેલીફોનીક સંદેશા મોકલાવેલા પંરતુ આ સામાવાળા અરજદાર ને તેડી જવાનુ સ્પષ્ટ ઈન્કાર કરેલ . આ સામાવાળા ના ઓ એ અરજદાર ને માનસીક ટોર્ચર કરેલ જેથી અરજદાર ની માનસીક અવસ્થા સારી ના હોય અને જેના કારણે અરજદાર માનસીક બીમારી થી પડતા થઈ ગયેલ અને આ અરજદાર ના ઓ ને ત્રણ થી ચાર દીવસ મગજ ની હોસ્પિટલ માં દાખલ કરેલ અને તેની દવા હાલ ચાલે છે. અરજદાર ના ઓ તેમના માતા પિતા ને ત્યા ઓશીયાળુ જીવન જીવે છે.

સામાવાળા નંબર–૧ ના ઓ ને રામપુરા (અરેરા) મુકામે ૫૦ વિઘા જેટલી જમીન આવેલ છે . સામાવાળા નંબર–૧ સીઝન માં ત્રણ પાક પકવી અને ત્રીસ લાખ જેટલી રકમ મેળવે છે. સામાવાળા નંબર–૧ દુધાળી ભેસો રાખે છે અને દુધ નુ વેચાણ કરી અને દર મહીને ત્રીસ હજાર જેટલુ કમાય છે.સામાવાળા નંબર–૧ નડીયાદ મુકામે નોકરી કરી ને મહીને પંદર હજાર જેટલો પગાર કમાય છે. સામાવાળા નંબર–૧ શરીરે સશકત અને મજબુત છે. સામાવાળા નંબર–૧ ને પોતાનુ

રહેવા લાયક મકાન છે. સામાવાળા નંબર–૧ ને અરજદાર ના ઓ સિવાય અન્ય કોઈ ની ભરણપોષણ ની જવાબદારી નથી .

અરજદાર ના ઓ ને કોઈ હુન્નર ઉધોગ આવડતો નથી. અરજદાર તેમના માતા ના ત્યા હાલ ઓશીયાળુ જીવન જીવે છે. સામાવાળા નંબર–૧ ના ઓ એ આજ દીન સુધી અરજદાર ની માનસીક બીમારી નો ખર્ચ તેમજ ભરણપોષણ ની રકમ ચુકવેલ ના હોય જેથી અરજદાર ના ઓ એ હાલ ની અરજી કરેલ છે. આ અરજદાર ના ઓ એ હાલ ની અરજી માં દાદ માગેલ છે કે –

------- કૌટુબિંક હિંસા થી સ્ત્રી ઓ નુ રક્ષણ અધિનિયમ ૨૦૦૫ થી કલમ–૧૮ મુજબ તમામ સામાવાળા ઓ અરજદાર ને કોઈ પણ જાત નો ત્રાસ કે હિંસા કરે કરાવે નહી તેવો સુરક્ષા નો જરૂરી હુકમ કરવા મે. કરશોજી.

-------- આ કાયદા ની કલમ–૧૯(૧) મુજબ સામાવાળા નંબર–૧ તેમના સ્ટેટસ મુજબ વૈકલ્પિક રહેઠાણ ની વ્યવસ્થા કરી આપે અથવા તેમના સ્ટેટસ મુજબ નુ ઘરભાડુ માસીક રૂપિયા–૫૦૦૦/– ચુકવી આપે તેવો હુકમ કરવા મે. કરશોજી.

------- આ કાયદા ની કલમ–૨૦(૧) મુજબ અરજદાર ને કૌટુબીક હિસા ને લીધે નુકસાન ને પહોચી વળવા માટે અને સામાવાળા નંબર–૧ ના સ્ટેટસ પ્રમાણે રહેવા માટે જીવન ધોરણ જીવવા માટે રૂપિયા–૧ ૦૦૦૦/– દર મહીને સામાવાળા નંબર–૧ નિયમિત પણે ચુકવી આપે તેવો હુકમ કરવા મે. કરશોજી.

------- આ કાયદા ની કલમ-૨૨ હેઠળ માનસીક -શારીરીક ત્રાસ વળતર ના એક લાખ પુરા સામાવાળા પાસે થી અપાવવા હુકમ કરવા અરજ છે.

------- નામદાર કોર્ટ ને યોગ્ય લાગે તેવી દાદ આપવા અરજ છે.

આ સામાવાળા તેણી અરજદાર ને માસીક રૂપિયા વીસ હજાર ભરણપોષણ પેટે ચુકવી આપે તેમજ અરજી નો તમામ ખર્ચ સામાવાળા ચુકવી આપે તેવો હુકમ કરવા મે. કરશોજી.

(૨)... **<u>સામાવાળાનો બચાવ</u> :-**

પ્રસ્તુત કામે અરજદારની અરજી દાખલ થતાં, અરજદારની અરજી સબબ સામાવાળા ઓ ને કારણ દર્શક નોટીસ ઈસ્યુ કરવા માં આવેલ છે અને સામાવાળા ને નોટીસ બજતા સામાવાળા ઓ અત્રે ની અદાલત રૂબરૂ તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે ઉપસ્થિત રહેલા છે.

સામાવાળા ઓ ના ઓ એ અરજદાર ની અરજીનો લેખિત વાંધા-જવાબ આંક-૦૬ થી રજુ કરેલ છે, તેમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે,અરજદારની અરજી ખરી અને કાયદેસરની નથી તેમજ તદ્દન ખોટી હકીકતો ઉપજાવી કાઢેલી હોઈ, રદ કરવા જણાવેલ છે. વધુમાં, સામાવાળા ના ઓ એ તેમના જવાબના પેરા-૧૦ માં ખરી હકીકતે જણાવે છે કે, અરજદાર ના ઓ તેમના પિયર તરફ થી આપવા માં આવેલ તમામ વસ્તુ ઓ તેમની સાથે લઈ ગયેલ છે., અરજદાર આજે પણ આવે તો તેઓ

સામાવાળા નંબર–૧ લઈ જવા માટે ખુશી છે., સામાવાળા નંબર–૧% નુ લગ્ન જીવન ખુબ સારુ ચાલતુ હતુ અને આ લગન જીવન થી બે બાળકો નો જન્મ થયેલ છે., આ અરજદાર ના ઓ આ બંને બાળકો ને સામાવાળા નંબર–૧ ના ઘરે મુકી ને ચાલ્યા ગયેલ છે., હાલ બંને બાળકો તેઓ સામાવાળા ની પાસે છે અને તેઓ ના ભરણપોષણ ની જવાબદારી સામાવાળા નંબર–૧ ની છે. આ અરજદાર ની તમામ જરૂરીયાતો પુર્ણ કરી અને તેઓ સામાવાળા નંબર–૧ આ અરજદાર ને સાથે રાખવા માગીએ છીએ., તેઓ સામાવાળા નંબર–૧ તેમના માતા પિતા થી અલગ રહેવા માટે પણ તૈયાર થઈ ગયેલ છે તેમ છતા આ અરજદાર ના ઓ ખોટી અનગડતી માગણી ઓ કરે છે., સામાવાળા નંબર–૧ દારુ પીવાની લત વાળા છે તે જે હકીકત અરજદાર ના ઓ એ જણાવેલ છે તે ખોટી જણાવેલ છે., અરજદાર ના ઓ એ તેઓ ને મારઝુડ કરેલા ની જે હકીકત તેમની અરજી માં જણાવેલ છે તે પણ ખોટી જણાવેલ છે,. સામાવાળા નંબર–૧ પચાસ વીઘા જમીન ધરાવતા નથી., સામાવાળા નંબર–૧ ને વાર્ષિક ત્રીસ લાખ જેટલી આવક નથી., સામાવાળા નંબર–૧ દુધ નુ વેચાણ કરી ને ત્રીસ હજાર જેટલા કમાતા નથી., સામાવાળા નંબર–૧ નડીયાદ નોકરી કરતા નથી તેમજ મહીને પંદર હજાર જેટલુ કમાતા નથી.,હાલ સામાવાળા ખેતી કરી અને તેઓ નુ ગુજરાન ચલાવે છે અને તેઓ ની ઉપર તેઓ ના માતા પિતા તથા બંને બાળકો ની જવાબદારી છે., સામાવાળા નંબર–૧ ના માતા પિતા વુધ્ધ છે., સામાવાળા નંબર–૧ ખેતી કામ કરવા જાય છે ત્યારે તેઓ ના બાળકો નુ ધ્યાન તેઓ ના માતા રાખે છે,. અરજદાર ના ઓએ તેઓ ની અરજી ખોટી અને ઉપજાવેલી હકીકત થી કરેલ હોય જેથી રદ

કરવા ને પાત્ર છે., જેથી આ તમામ હકીકતો ને ધ્યાને રાખી અરજદાર ની અરજી નામંજુર કરવા અરજ છે.

(૩)... **પક્ષકારો ના પુરાવા :--**

**અરજદાર તરફે મૌખીક  તેમજ દસ્તાવેજી પુરાવા**

| અનુ નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર નીપાબેન અતુલકુમાર ના ઓ ની જુબાની | ૧૦ |

અરજદાર તફે આંક-૨૬   ની પુરાવા બંધ ની પુરસીસ રજુ કરવામાં આવેલ છે અને જાહેર કરવામાં આવેલ છે કે હાલ ના કામે તેઓ વધુ પુરાવા આપવા માગતા નથી.

**સામાવાળા  તરફે મૌખીક  તેમજ દસ્તાવેજી પુરાવા**

| અનુ નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળા અતુલકુમાર ગોરધનભાઈ ના ઓ ની જુબાની | ૧૮ |

સામાવાળા  તફે આંક-૧૯  ની પુરાવા બંધ ની પુરસીસ રજુ કરવામાં આવેલ છે અને જાહેર કરવામાં આવેલ છે કે હાલ ના કામે તેઓ વધુ પુરાવા આપવા માગતા નથી.

(૪) **પક્ષકાર ના વિ.વકીલશ્રી ની દલીલો  :-**

(૪.૧) અરજદારના વિધ્ધવાન વકીલ શ્રી ની રજુઆત છે કે  અરજદાર ના ઓ સામાવાળા  નંબર-૧ ના પત્ની છે, તે હકીકત નિર્વિવાદીત છે., સામાવાળા  નંબર-૧  ના ઓ એ અરજદાર ને શારીરીક તેમજ માનસીક ત્રાસ

આપેલ છે અને તે હકીકત અરજદાર ના ઓ એ પોતાના પુરાવા માં તથા અરજી માં જણાવેલ છે., અરજદાર ના ઓ ને તેઓના બાળકો ને છીનવી અને કાઢી મુકેલા છે., આ સામાવાળા નંબર–૧ ના ઓ એ અરજદાર ની ભરણપોષણ ની કોઈ વ્યવસ્થા કરેલ નથી., આ સામાવાળા નંબર–૧ ના ઓ એ અરજદાર નો ત્યાગ કરેલ છે., આ સામાવાળા નંબર–૧ ના ઓ એ અરજદાર ને માનસીક ત્રાસ આપેલ છે જેથી આ અરજદાર ના ઓ એ આ બાબત ની સારવાર કરાવેલ છે , આ અરજદાર ની અરજી તથા પુરાવા ને ધ્યાને લેતા અરજદાર ના ઓએ પોતાનો કેસ પુરવાર કરેલ છે,. આ સામાવાળા નંબર–૧ ના ઓ ખેતી કરી અને સારી આવક મેળ વે છે તે તેમના પુરાવા આધારે રેકર્ડ ઉપર આવેલ છે જેથી આ તમામ હકીકતો ને ધ્યાને રાખી અને અરજદાર ની અરજી મંજુર કરવા અરજ છે.

સામાવાળા ના ઓ ના વિ.વ.શ્રી ના ઓ ની રજુઆત છે કે –

અરજદાર ના ઓ એ સ્વૈચ્છા એ તેઓ સામાવાળા નંબર–૧ નો ત્યાગ કરેલ છે., અરજદાર ના ઓ ને તેઓ સામાવાળાઓ એ કોઈ શારીરીક તેમજ માનસીક ત્રાસ આપેલ નથી., અરજદાર ના ઓ એ તેમના બાળકો નો પણ ત્યાગ કરી અને જતા રહેલ છે., અરજદાર ના ઓ એ તેમના સગીર સંતાનો નો પણ ખ્યાલ રાખેલ નથી., અરજદાર ના ઓ ને તેઓ સામાવાળા નં બર–૧ એ મારઝુડ કરેલ હોય તે બાબત ની કોઈ ફરીયાદ તેઓ એ કરેલ નથી જેથી જણાઈ આવે છે કે તેઓ સામાવાળા નંબર–૧ ના ઓ એ અરજદાર ને કોઈ મારઝુડ કરેલ નથી., આમ અરજદાર ના ઓ એ સ્વૈચ્છા એ આ સામાવાળા નંબર–૧ નો ત્યાગ કરેલ હોય જેથી અરજદાર ની અરજી નામંજુર કરવા અરજ છે .અરજદાર ના ઓને તેઓ ના માતા પિતા ના

ત્યા તેમના માતા ની સાથે મકાન માં રહે છે., તેઓ એ ભાડે રાખેલ હોય તેવુ રેકર્ડ ઉપર નથી, જેથી સામાવાળા ભાડા ની રકમ મેળવવા માટે હકદાર થતા નથી જેથી આ તમામ હકીકત ને ધ્યાને રાખી અને આ અરજદાર ની અરજી નામંજુર કરવા અરજ છે.

(૫) **<u>નિર્ણાયક મુદ્દાઓ:-</u>**

(૫) ઉપરોકત હકીકતે નીચ્રેના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું અરજદારે અરજીમા કરેલી માંગણી મુજબનો કોઈ હુકમ મેળવવા હકકદાર છે?

(૨) શું હુકમ?

**<u>તારણો:-</u>**

(૬) ઉપરોકત મુદ્રાઓના મારા નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

(૧) અશંત: હકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**<u>-: કા ર ણો :-</u>**

(૭) પક્ષકાર તરફે રજુ થયેલા મૌખીક પુરાવા :-

આ કામે સૌ પ્રથમ કેસનો નિર્ણય કરતા પહેલાં અરજદારે પોતાનો કેસ પુરવાર કરવા તપાસવામાં આવેલ સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોઈ, તેની ચર્ચા આ પ્રમાણે કરેલ છે.

(૭.૧) આંક–૧૦ થી અરજદારે જુબાની રજુ કરેલી છે. અરજદાર ના ઓ એ પોતાના પુરાવા માં જે સરતપાસ નુ સોગંધનામુ રજુ કરેલ છે તેમા તેઓ ની અરજી માં જણાવ્યા મુજબ ની હકીકત જ જણાવેલ છે. તેઓ ની સામાવાળા ના વિ.વશ્રી ધ્વારા ઉલટ તપાસ કરવા માં આવેલ છે અને તેમા તેઓ એ નીચે મુજબ ની હકીકત જણાવેલ છે. ––––––

'' હુ ધોરણ–૮ પાસ છુ. મને લખતા વાંચતા આવડે છે. મે મારા વકીલ સાહેબે અરજી જે તૈયાર કરેલ હતી તે વાંચેલ હતી. એ વાત ખરી નથી કે સામાવાળા ના ઘરે થી હુ જાતે જતી રહેલ છુ. એ વાત ખરી નથી કે હુ મારા બંને બાળકો ને જાતે સામાવાળા ના ઘરે મુકી ને આવતી રહેલ છુ. સાહેદ સ્વૈચ્છા એ જણાવે છે કે બાળકો ત્યા મુકેલ છે પરંતુ જાતે મુકી ને આવેલ નથી. એ વાત ખરી છે કે મે આ અરજી કર્યા તારીખ થી આજ દીન સુધી મારા બાળકો ની ખબર અંતર પુછેલ નથી. મારી દીકરી તથા મારો દીકરો હાલ શુ કરે છે અને કયા ધોરણ માં ભણે છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે સામાવાળા મને મારા પિયર માં તેડવા માટે આવેલ હતા. સાહેદ સ્વૈચ્છા એ જણાવે છે કે તેઓ આવે છે ખરા પરંતુ મારી પાસે લખાણ માગે છે. એ વાત ખરી છે કે મારા નણંદ તેના પતિ સાથે તેની સાસરી માં રહે છે. એ વાત ખરી છે કે સામાવાળા ખેતી ની જમીન ધરાવે છે તે દર્શાવતો કોઈ પુરાવો મે હાલ ના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળા ગાયો તથા ભેસો રાખે છે તે દર્શાવતો પણ કોઈ પુરાવો મે હાલ ના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળા નોકરી કરે છે તે દર્શાવતો પુરાવો પણ મે હાલ ના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળા સયુકત કુટુંબ માં રહે છે. એ વાત ખરી નથી કે હુ મારા પિયર માં મારા સાસરી માથી મારી જે કીમંતી ચીજવસ્તુ ઓ હતી તે લઈ ને ગયેલ છુ. એ વાત ખરી છે કે હુ ઉંદરા મુકામે મારા મમ્મી ના ઘરે રહુ છુ. એ વાત ખરી છે કે હુ માનસીક બીમારી હોવાની

જે હકીકત મારી અરજી માં જણાવેલ છે તે દર્શાવતો કોઈ પુરાવો મે હાલ ના કામે રજુ કરેલ નથી.

સવાલ– તમો તમારા પતિ ના ઘરે થી કઈ તારીખ અને કેટલા વાગે જતા રહેલ છો ?

જવાબ– તારીખ મને યાદ નથી. ધનતેરસ ની રાત્રી ના મને રાત્રે એક થી દોઢ વાગે કાઢી મુકેલ હતી અને જેથી હુ ચાલતા મારા મમ્મી ના ઘરે જતી રહેલ હતી.

સવાલ– તમો તમારે મમ્મી ના ઘરે સવારે ત્રણ વાગે પહોચી ગયેલ હતા ?

જવાબ– નાજી. ત્રણ વાગ્યા સુધી તો ત્યા જ બેસી રહેલ અને પછી ત્રણ વાગે ત્યા થી નીકળેલી હતી અને સવારે આઠ વાગે મારા મમ્મી ના ઘરે પહોચેલી હતી.

હુ રાત્રી ના ત્રણ વાગે નીકળી રામપુરા થી મુલજ અને મુલજ થી જસભાઈ ના પંપ આગળ ચોકડી પડે છે ત્યા થી મહુધા અને મહુધા થી ઉંદરા ગયેલ હતી.

સવાલ– સામાવાળા તમો ને લઈ જવા ખુશી છે પંરતુ તમો જવા ખુશી નથી ?

જવાબ– સાચી વાત છે.

એ વાત ખરી નથી કે મારે મારા પતિ સાથે રહેવુ ના હોય જેથી મે હાલ ની અરજી કરેલ છે. એ વાત ખરી નથી કે મારે છુટાછેડા લેવા માટે મે હાલ ની ખોટી અરજી કરેલ છે .એ વાત ખરી નથી કે સામાવાળા ને દારુ પીવા ની ટેવી ની હકીકત હુ ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે મે સામાવાળા વિરુઘ્ધ મારઝુડ કર્યા બાબત ની કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે મે મારા સાસુ સસરા તથા નણંદ તથા નણદોઈ ની વિરુઘ્ધ પણ કોઈ માનસીક ત્રાસ બાબત ની

પોલીસ સ્ટેશન માં ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી નથી કે સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૭.૨) સદર કામે સામાવાળા નંબર–૧ ના ઓ એ આંક–૧૮ થી સરતપાસ નો સોગંધનામુ રજુ કરવા માં આવેલ છે . તેમા મહંદ અંશે તેઓ એ તેમના જવાબ માં જણાવેલ છે તે મુજબ ની હકીકત જણાવેલ છે. આ સામાવાળા ની અરજદાર ના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવા માં આવેલ છે અને તેમા સામાવાળા ના ઓ એ નીચે મુજબ ની હકીકત જણાવેલ છે. –––

'' હુ ધોરણ–૮ સુધી ભણેલ છુ. મને ગુજરાત વાંચતા લખતા આવડે છે. આ અરજદાર નીપાબેન ની સાથે મારા લગ્ન સને ૨૦૦૯ માં થયેલ હતા. એ વાત ખરી છે કે આ અરજદાર ના લગ્ન બાદ અમો તથા અરજદાર તથા મારા માતા પિતા અને બહેન તથા ભાઈ સયુકત કુટુંબ માં રહેતા હતા. અમો બધા આવી રીતે સુયકત કુટુંબ માં દશ વર્ષ સુધી રહેલ હતા. એ વાત ખરી છે કે આ અરજદાર આ સમયગાળા દરમિયાન ઘર નુ કામકાજ જમવા બનાવવાનુ સારી રીતે કરતા હતા. સાહેદ સ્વૈચ્છા એ જણાવે છે કે બીજા છોકરા જોડે તેમનુ લફરુ હતુ.એ વાત ખરી છે કે મે મારી અરજી તથા સરતપાસ ના સોગંધનામા માં આ અરજદાર ને બીજા છોકરા સાથે સંબધો હતા તે બાબત ની હકીકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમારા તથા અરજદાર ના લગ્ન જીવન થી અમારે બે સંતાન માં એક દીકરો તથા એક દીકરી છે. એ વાત ખરી છે કે હાલ મારો દીકરો તેર વર્ષ નો છે અને દીકરી આઠ વર્ષ ની છે અને આ બંને સંતાન હાલ મારી પાસે રહે છે. એ વાત ખરી નથી કે અરજદાર તેમના પિયર માં ગયેલ ત્યાર બાદ અમો કયારેય તેઓ ને તેડવા માટે ગયેલ નથી .એ વાત ખરી છે કે આ અરજદાર તેમના પિયર માં

રહે છે ત્યાર થી મે તેઓ ને ભરણપોષણ પેટે કોઈ રકમ ચુકવેલ નથી તેમજ મકાન ના ભાડા પેટે ની રકમ પણ કોઈ ચુકવેલ નથી. અમારી સયુકત વડીલો પાર્જીત મિલ્કત પંદર વીઘા છે. સાહેદ સ્વૈચ્છા એ જણાવે છે કે અમારા ભાગે પાંચ વીઘા આવે છે. અમારા ગામ માં મુખ્ય તમાકુ નો પાક થાય છે . અમારા ગામ માં તમાકુ નો મણે પચ્ચીસો થી ત્રણ હજાર જેટલો ભાવ ચાલે છે. ખેતી હુ કરુ છુ. મારા ભાઈ તથા મારા પપ્પા પણ ખેતી કરે છે. એ વાત ખરી છે કે અમારા ખેતી માંથી વાર્ષિક પાંચ થી છ લાખ ની આવક થાય છે. સાહેદ સ્વૈચ્છા એ જણાવે છે કે આ છ લાખ ની તમાકુ માં બે થી ત્રણ લાખ જેટલો ખર્ચ થાય છે. એ વાત ખરી છે કે મારા ભાઈ તથા મારા પપ્પા પણ ખેતી કરે છે જેથી તેઓ ની ભરણપોષણ ની જવાબદારી મારી ઉપર ના કહેવાય. એ વાત ખરી છે કે મારે મારા પત્ની તથા મારા બાળકો સિવાય અન્ય કોઈ ની ભરણપોષણ ની જવાબદારી નથી. એ વાત ખરી નથી કે હુ કંપની માં નોકરી કરી અને મહીને પંદર હજાર જેટલુ કમાઉ છુ. સાહેદ સ્વૈચ્છા એ જણાવે છે કે હુ મજુરી કરુ છુ. એ વાત ખરી નથી કે હુ ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે મે મારા સરતપાસ ના સોગંધનામા માં ખોટી હકીકત જણાવેલ છે. ''

**<u>નિર્ણય માટે ના કારણો :-</u>**

(૮) **<u>ભોગ બનેલ વ્યકિત</u>** :-

કૌટુંબીક હીસ્સા થી સ્ત્રી ઓનુ રક્ષણ અધિનિયમ , ૨૦૦૫ ની કલમ- ૨(ક) મુજબ કોઈ પણ સ્ત્રી કે જે પ્રતિવાદી સાથે કૌટુબીક સંબધ માં રહી ચુકી છે અને કે જે પ્રતિવાદી ધ્વારા કૌટુબીક હીસા ના કોઈ પણ કાર્ય નો ભાગ બનેલ હોવાનો આરોપ મુકે છે ભોગ બનેલ વ્યકિત ગણાય.

હવે આ અધિનિયમ હાલ ના કેસ ના રેકર્ડ ઉપર ના પુરાવા ધ્યાને લઈ એ તો તે મુજબ હાલ ના કામે આ કામ ના અરજદાર ના ઓ એ પોતાની

આંક–૧ વાળી અરજી તથા આંક–૧૦ વાળા પુરાવા માં જણાવેલ છે કે તેઓ ના લગ્ન આ કામ ના સામાવાળા નંબર–૧ ની સાથે તારીખ–૧૬/૦૫/૨૦૦૯ ના રોજ તેઓની જ્ઞાતિ ના રીત રીવાજ મુજબ થયેલ હતા. સમાવાળા ના ઓ એ પણ પોતે આંક–૦૬ થી હાલના કામે અરજદાર ના અરજી નો જે જવાબ રજુ કરેલ છે તે જવાબ માં આ અરજદાર ના ઓ ની સાથે તેઓ ના લગ્ન થયેલ હતા તે હકીકત તેઓ એ કબુલ રાખેલ છે. તેમજ સામાવાળા ના ઓએ કોર્ટ રૂબરૂ ના પુરાવા માં પણ આ અરજદાર ના ઓ તેમના પત્ની થાય છે તે હકીકત કબુલ રાખેલ છે અને તેઓ ની સાથે ના લગ્ન થયેલા ની હકીકત પણ આ સામાવાળા ના ઓ એ કબુલ રાખેલ છે. આમ હાલ ના કામે અરજદાર તથા સામાવાળા નંબર–૧ બંને જણા પતિ પત્ની થાય છે તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. હવે આ અરજદાર ના ઓ એ પોતાની આંક–૧ વાળી અરજી તથા પોતાના પુરાવા માં સામાવાળા ના ઓ એ તેઓ ની ઉપર કૌટુબીક હીસા કરેલ હતી તેવા આરોપ મુકેલા છે જેથી આ કામે અરજદાર તે ભોગ બનેલ વ્યકિત છે.

(૯)... **<u>કૌટુબીક સંબંધ :–</u>**

કૌટુંબીક હીસ્સા થી સ્ત્રી ઓનુ રક્ષણ અધિનિયમ , ૨૦૦૫ ની કલમ– ૨(છ) મા જણાવેલ છે તે મુજબ કૌટુંબીક સંબંધ એટલે બે વ્યકિત ઓ વચ્ચે નો સંબંધ કે જેઓ સાથે રહે છે અથવા અમુક ચોકકસ સમયે , હીસ્સા પાડેલ ઘરબાર માં સાથે રહેલા હોય છે. જયારે તેઓ વચ્ચે લોહી ની સગાઈ , લગ્ન થી અથવા લગ્ન, દતક ના પ્રકાર ના સંબંધ થી સંબંધીત હોય અથવા સંયુકત કુટુંબ ની જેમ સાથે રહેતા કુંટુંબ ના સભ્યો હોય.

હવે હાલ ના કામે આ જોગવાઈ ધ્યાને રાખી કેસ રેકર્ડ ધ્યાને લઈ એ તો સદર કામે અરજદાર ના ઓએ પોતાની અરજી તથા પોતાના સરતપાસ ના સોગંધનામા માં જણાવેલ છે કે તેઓ અરજદાર ના લગ્ન આ કામ ના સામાવાળા નંબર–૧ ના ઓ ની થયેલા હતા, આ લગ્ન જીવન થી તેઓ ને ને બે સંતાન છે. આ હકીકત ને સામાવાળા નંબર–૧ ના ઓ એ પોતાના પુરાવા દરમિયાન કબુલ રાખેલ છે. આમ અરજદાર તથા સામાવાળા ના પુરાવા થી તે પણ રેકર્ડ ઉપર આવેલ છે કે લગ્ન બાદ અરજદાર તથા સામાવાળા ઓ સાથે રહેતા હતા. આમ આ બંને ની વચ્ચે કૌટુંબીક સંબધો હતા તે હાલ ના કામે રજુ પુરાવા થી રેકર્ડ ઉપર આવેલ છે.

(૧૦)... **<u>ઘરેલુ હીંસા</u>** :–

આ તબકકે કૌટુમ્બિક હિંસાથી સ્ત્રી રક્ષણનાં કાયદાની કલમ:–(૩) માં કૌટુંમ્બિક હિંસાની જે વ્યાખ્યા કરવામાં આવેલ છે. તેનાં સંદર્ભમાં પડેલા પુરાવો જોવામાં આવે તો કૌટુંમ્બિક હિંસાની જે વ્યાખ્યા કલમ:–(૩) માં કરેલ છે તેને લક્ષમાં લેતા આ કામના અરજદારે પોતાની હકીકતો પોતે જયારે ઘરેલું હિસાની હકીકતથી આવેલ હોય ત્યારે તેવી હકીકતો અરજદારે પુરવાર કરવાની રહેશે.

આ પ્રકાર ના કેસો માં માત્ર અરજદારની જુબાની પર આધાર રાખી શકાય. સદર કામે અરજદાર ના ઓ એ પોતાની અંક–૦૭ થી રજુ જુબાની માં તેઓ એ સરતપાસ માં મહંદઅશે પોતાની અરજી ની હકીકત ને સમર્થનકારક રજુઆત કરેલ છે. આ સામાવાળા તરફે અરજદાર ની ઉલટતપાસ કરવા મા ંઆવેલ છે તેમા મહંદ

અશેં સામાવાળા તરફે બચાવ લીધેલ છે કે અરજદાર ને કોઈ ત્રાસ આપેલ નથી., અરજદાર ને સામાવાળા આજે પણ તેડી જવા માટે તૈયાર છે., સામાવાળા એ અરજી માં જણાવેલ હકીકતો ખોટી છે., પરંતુ આ બાબતે અરજદાર ને પુછતા તેઓ આ હકીકત ને નકારી કાઢેલ છે. આ અરજદાર ના ઓ એ સામાવાળા એ તેઓ ને શારીરીક તેમજ માનસીક ત્રાસ આપેલ હતો તથા સામાવાળા અરજદાર ને મારઝુડ કરતા હતા તે હકીકત પોતાના સરતપાસ ના સોગંધનામા માં જણાવેલ છે. આ સામાવાળા ના ઓ એ તેઓ અરજદાર ને મારઝુડ કરેલ નથી તેમજ શારીરીક તેમજ માનસીક ત્રાસ આપેલ નથી તે બચાવ બાબતે સામાવાળા ના ઓ એ અરજદાર ને ઉલટ તપાસ દરમિયાન પુછતા અરજદાર ના ઓ એ આ હકીકત ને નકારી કાઢેલ છે. સામાવાળા તરફે તે પણ બચાવ લેવા માં આવેલ છે કે તેઓ એ અરજદાર ને કાઢી મુકેલ નથી અરજદાર જાતે જતા રહેલ છે. આ બાબતે પણ સામાવાળા ના ઓ એ અરજદાર ને પુછતા અરજદાર ના ઓ એ આ હકીકત નકારી કાઢેલ છે. સામાવાળા ના ઓ તરફે આ અરજદાર ની ઉલટ તપાસ દરમિયાન તે બચાવ લીધેલ છે કે આ અરજદાર ના ઓ એ શારીરીક કે માનસીક ત્રાસ આપેલા બાબત ની કોઈ ફરીયાદ કરેલ નથી. પંરતુ આ અનુસંધાને જણાવવાનુ કે લગ્ન જીવન બાબતો માં ઘણી વાર સંસાર ચલાવવા માટે પણ આ મુજબ ની ફરીયાદ થતી નથી. જેથી આ બચાવ પણ સામાવાળા નો ગ્રાહય રાખી શકાય તમે નથી. સામાવાળા ના ઓ એ તેઓના પુરાવા માં જણાવેલ છે કે આ

અરજદાર ના ઓ એ તેઓ ને સ્વૈચ્છા એ ત્યાગ કરેલ છે અને આ અરજદાર ના ઓએ તેઓ ના પુરાવા માં જાતે જ કબુલ રાખેલ છે કે આ સામાવાળા તેઓ ને તેડી જાય છે પંરતુ આ અરજદાર ના ઓ આવવા ખુશી નથી. પરંતુઆ બાબતે જણાવવાનુ કે અરજદાર ના ઓ એ તેઓ ના પુરાવા માં આ સામાવાળા દારુ પી અને શારીરીક તેમજ માનસીક ત્રાસ આપે છે તેવી હકીકત જણાવેલ છે. સામાન્ય રીતે બે સંતાન ના જન્મ બાદ કોઈ પણ કારણ વગર કોઈ પણ સ્ત્રી પોતાના સગીર બાળકો સિવાય અલગ રહી શકે નહી જેથી આ સામાવાળા નો બચાવ માનવા યોગ્ય જણાઈ આવતો નથી. કોઈ યોગ્ય કારણ સામાવાળા રેકર્ડ ઉપર લાવી શકેલા નથી કે જેથી માની શકાય કે આ અરજદાર ના ઓ તેઓ સામાવાળા નો સ્વૈચ્છા એ ત્યાગ કરેલ છે. વધુ માં સામાવાળા તરફે હાલ ના કામે પ્રોટેકસન ઓફીસર નો જે રીપોર્ટ રજુ છે તે અનુસંધાને કોઈ વાંધા રજુ કરવા માં આવેલા નથી. આમ ઉપરોકત પુરાવો રેકર્ડ ઉપરના પુરાવાના સંદર્ભમાં તથા મુળ અરજીના સંદર્ભમાં વંચાણે લેવામાં આવે તો એ હકીકત પુરવાર થઈ છે કે આ કામના સામાવાળાઓ દ્વારા અરજદાર પરત્વે ઘરેલું હીંસા ધારાની કલમ:- ૩ માં દર્શાવવામાં આવેલી વ્યાખ્યા મુજબ ઘરેલું હીંસા કરેલી છે. આમ આ કામમા પડેલ પુરાવો જોવામા આવે તો અરજદારની જુબાનીમાં રજૂ કરેલ હકીકતોને લક્ષમા લેતા તથા સામાવાળા ના પુરાવા ને ધ્યાને લેતા ઘરેલુ હીંસાના કાયદાની કલમ:૩ (ક) માં કરવામા આવેલ વ્યાખ્યા મુજબ વ્યથિત વ્યકિત ની માનસિક સુખાકારી ને હાની પહોંચાડી તેવા પ્રકારનું કાર્ય હોવાનું ચોકકસ પણે પડેલા પુરાવા ઉપરથી કહી

શકાય, તેમજ સામાવાળાઓનુ કૃત્ય ભાવનાત્મક શોષણમાં પડતુ હોવાનું જણાઈ આવે છે. ઉપેક્ષા એ ભાવાત્મક શબ્દ છે. તેમજ માનસીક પ્રક્રિયા ધ્વારા ફલીત થતી લાગણી છે. ઉપેક્ષા સામાન્ય રીતે વાણી અને વર્તનમાથી ઉતરી આવે છે. પત્નીના કિસ્સામાં જોવામાં આવે તો પત્નીને અંગત જીવનમાં કૌટુંબીક રીતે તથા બાહય જીવનમાં સામાજીક રીતે એક પત્નિનો દરજ્જો પ્રાપ્ત થાય તે આવશ્યક છે. સતત અપમાનીત વ્યવહાર માનસિક ત્રાસ ગણાય. તેમજ તે પ્રત્યક્ષ ઉપેક્ષા તથા આડકતરો ઈન્કાર ગણી શકાય. તેના કારણે વ્યકિતનું સ્વમાન ઘવાય છે. તેમજ લાગણી દુભાય છે. માત્ર બે વખતનું જમવાનું મળે અને રહેવા માટેનો આશ્રય મળે તે ભરણ પોષણ માટે પુરતુ નથી. પરંતુ માનવીને માનવ તરીકે મૂલવવામાં આવે તે બાબત પણ અગત્યની છે. આમ, અરજદારનું ભાવનાત્મક શોષણ થયેલાનું પ્રથમદર્શીય માની શકાય તેમ છે. તેમજ તેણીની માનસીક સુખાકારીને સામાવાળાઓએ અવશ્ય હાની પહોંચાડેલ છે તેમ કહી શકાય, માનસીક સુખાકારી હણાવી અને ભાવનાત્મક શોષણ થવુ એ કોઈ દ્રશ્ય બાબત નથી પરંતુ જે વ્યકિતએ તે બાબત અનુભવેલી હોય તે જ વર્ણવી અને અનુભવી શકે તે માટે કોઈ મૌખિક કે લેખિત પુરાવો મળવો મુશ્કેલ છે. પતિ પત્નીના જીવનમા અંતરંગ બાબતો વિશે ભાગ્યે જ કોઈને જાણ હોય છે અને આવા પ્રસંગે કાયદાનો જે ઉદ્દેશ્ય છે તેને લક્ષમા લઈને પુરાવાની મુલવણી કરવી રહી. રેકર્ડ ઉપર પ્રાપ્ય પુરાવાને કાયદાના ઉદ્દેશ્યના સંદર્ભમા જોવામા આવે તો ચોકકસપણે એમ કહી શકાય કે સામાવાળાઓએ ઘરેલુ હીંસાના કાયદાની કલમ –૩ મા કરવામા આવેલી વ્યાખ્યા મુજબની ઘરેલુ હીંસા કરેલ છે.

(૧૧) વધુ માં આ કામે અરજદારે આંક-૧૦ ની તેમની સરતપાસમાં જણાવેલ છે કે,- સામાવાળા પચાસ વીઘા જેટલી જમીન ધરાવે છે., સામાવાળા ત્રણ સીઝન નો પાક લઈ ને વાર્ષિક ત્રીસ લાખ જેટલુ કમાય છે., સામાવાળા ભેસો રાખી દુધ વેચી ને દર મહીને ત્રીસ હજાર જેટલુ કમાય છે., સામાવાળા નડીયાદ મુકામે નોકરી કરી ને પંદર હજાર જેટલુ કમાય છે., પરંતુ આ અંગે અરજદારે કોઈ દસ્તાવેજી આઘાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૬ મુજબ ભરણપોષણના કેસોમાં આવક સાબીત કરવાની જવાબદારી સામાવાળાના શીરે છે. પતિ નાદાર હોય કે પ્રોફેશનલ ભીખારી હોય કે સાધુ ભીક્ષુક હોય છતાં પણ પત્નીની ભરણ પોષણ ની જવાબદારી તે ટાળી શકતો નથી. જયાં સુધી શરીર-મને સશકત હોય. વધુ માં આ કેસ માં સામાવાળા ને કોઈ પણ પ્રકાર ની ગંભીર બીમારી હોવાનુ રેકર્ડ ઉપર આવેલ નથી. વધુ માં સદર કામે સામાવાળા ના ઓ એ પોતાના પુરાવા માં જણાવેલ છે કે - તેઓ ની સયુકત વડીલોપાર્જીત પંદર વીઘા જમની આવેલ છે અને તેમા તેઓ ના હીસ્સે પાચ વીઘા જમીન આવેલ છે અને તેમાથી વાર્ષિક છ લાખ જેટલી આવક કમાય છે અને તેમાથી ખર્ચ ના બે થી ત્રણ લાખ જાય છે.'' આ હકીકત ને ઘ્યાને લેતા ખર્ચ બાદ કર્યા બાદ આ સામાવાળા ત્રણ લાખ જેટલુ વાર્ષિક તેઓ ના કહયા અનુસાર જ આવક મેળવે છે જેથી દર મહીને પચ્ચીસ હજાર જેટલી આવક મેળવે છે.પંરતુ આ જમીન સયુકત વડીલપાર્જીત છે અને તેમા આ સામઢ

ાવાળા તથા સામાવાળા ના પિતા તથા ભાઈ તમામ ખેતી કામ કરેલ છે તે હકીકત પણ સામાવાળા ના પુરાવા થી જણાઈ આવે છે. પંરતુ આ ખેતી ની આવક સામાવાળા ને મળે છે જેથી આ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા સામાવાળા પાસે આવકના પુરતા સાધનો હોવાનું માનવાને કારણ રહે છે. સામાવાળા અરજદાર નુ ભરણપોષણ તથા તેઓ ના માટે રહેવા માટે મકાન ની સગવડ કરવા સારુ સક્ષમ છે તેવુ રેકર્ડ ઉપર આવેલ છે.

(૧૨) હવે હાલ ના કામે સામાવાળા નંબર–૧ ધ્વારા અરજદાર ને ઘરેલુ હીસા થયા નુ રેકર્ડ ઉપર આવેલ છે. વધુ માં સામાવાળા અરજદારો નુ ભરણપોષણ તથા તેઓ ના માટે રહેવા માટે મકાન ની સગવડ કરવા સારુ સક્ષમ છે તેવુ રેકર્ડ ઉપર આવેલ છે. જેથી અરજદાર ના ઓએ જે દાદ માગેલ છે તેમાથી કઈ દાદ તેઓ ને મળવા પાત્ર છે તે અનુસંધાને ચર્ચા કરી એ તો –––

(૧૨.૧) આ કામે અરજદારે પોતાની અરજીમાં માંગેલ દાદ જોવામાં આવે તો સૌ પ્રથમ અરજદારે કૌટુંબીક હીંસા ઓ થી સ્ત્રી ઓ નુ રક્ષણ અધિનિયમ ની કલમ –૨૦ હેઠળ રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો અરજદારે મહુધા કોર્ટમાં ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૧૨૫ મુજબ ભરણપોષણ મેળવવા માટે અરજી દાખલ કરેલ તેમા અરજદાર ના ઓ ને માસીક રૂપિયા–૨૫૦૦/– ભરણપોષણ પેટે આપવા નો હુકમ કરવામાં આવેલ છે, આમ તેમાં થયેલ હુકમ મુજબ સામાવાળાએ અરજદાર ને માસીક ભરણપોષણ પેટે રૂપિયા –૨૫૦૦/– ચૂકવી આપવા નો હુકમ કરવામાં

આવેલ છે. તે ભરણપોષણ ની રકમ ન્યાયોચીત હોય જેથી હાલ ના કામે ભરણપોષણ ને લગતો હુકમ કરવામાં આવેલ નથી.

(૧૨.૨) ઉપરોકત સમગ્ર ચર્ચાના અનુસંધાને આ કામમાં અરજદાર ઘરેલું હીંસાનો ભોગ બનેલા હોય તેવા સંજોગોમાં પ્રોટેકશન ઓર્ડર કલમ:– ૧૮ અન્વયેનો સામાવાળા વિરુઘ્ધ ફરમાવવો જોઈએ તેમ માનું છું.

(૧૨.૩) વધુમાં અરજદારે કૌટુંબીક હીંસા ઓ થી સ્ત્રી ઓ નુ રક્ષણ અધિનિયમ ની કલમ –૧૯ મુજબ તેમના રહેણાંક પેટે સામાવાળા નંબર–૧ ના અરજદાર ના રહેઠાણ ની વ્યવસ્થા ના હોય જેથી મકાન ની વ્યવસ્થા કરી આપે અથવા મકાન ના મળે તો મકાન ની વ્યવસ્થા કરી આપે તેમજ વૈકલ્પીક વ્યવાસ્થા પુરતી દર માસે રૂપિયા – ૫૦૦૦/– ચુકવી આપે તેવી દાદ માગેલ છે. હવે ઉપરોકત ચર્ચા કરી તે મુજબ અરજદાર ના સામાવાળા નંબર–૧ ના પત્ની છે તેવુ રેકર્ડ ઉપર આવેલ છે તથા અરજદાર ને કૌટુબીક હીસા નો ભોગ બનેલા નુ પણ રેકર્ડ ઉપર આવેલ છે. અરજદાર ના ઓ હાલ તેઓ ના પિયર મુકામે રહે છે તે હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે. જેથી સામાવાળા નંબર–૧ ના ઓ એ તેમના રહેણાક ના મકાન માં અરજદાર ની ઈલાયદા રહેવા માટે વ્યવસ્થા કરવાની રહેશે અને જો સામાવાળા તેમ કરવામાં કસુર કરે તો આખરી હુકમ માં જણાવેલી રકમ મુજબનુ ભાડુ મેળવવા અરજદાર હકકદાર છે. .

(૧૨.૪) વધુમાં અરજદારણની અન્ય દાદ જોતાં, સામાવાળા માનસીક ત્રાસ ના વળતર પેટે રૂપિયા ૧૦૦૦૦૦/- ની માંગણી કરેલ છે. જે બાબતે સામાવાળા નં. ૨ થી ૫ નાઓ વિરૂધ્ધ જનરલ એલીગેશન હોય , તથા તેઓ સામાવાળા નંબર-૧ ના પરસ્ત્રી સાથે ના સંબધ ના કારણે જ અરજાદર ને શારીરીક તેમજ માનસીક ત્રાસ પડેલ હોય તેવુ રેકર્ડ ઉપર આવેલ છે, તેઓ ની પોતાના બાળકો તથા પત્ની તરફે પવિત્ર ફરજ હોવા છતા તે ફરજ થી ચુકી ને તેઓ એ પરસ્ત્રી સાથે નાતો બાધેલ છે., તે ધ્યાને લેતાં તેઓ ની સામુ કોઈ હુકમ નહી કરી સામવાળા નંબર-૧ ના એ રૂપિયા-૫૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરા અરજદારને માનસીક ત્રાસ ના વળતર પેટે ચુકવી આપવાનો હુકમ ન્યાયોચિત જણાય છે. આમ ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર મુદા નં. ૧ નો નિર્ણય અંશત: હકારાત્મક આપી મુદ્રા નં. ૨ અન્વચે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**-:: આખરી હુ ક મ ::-**

(૧) આ કામના અરજદારની અરજી અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સામાવાળા નં.૧ અતુલભાઈ ગોરધનભાઈ પટેલ નાએ ધી પ્રોટેકશન ઓફ વીમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ - ૧૮ મુજબ આદેશ કરવામાં આવે છે કે, સામાવાળા ઓ એ અરજદાર નીપાબેન અતુલકુમાર ગોરધનભાઈ જે જગ્યાએ રહેતા હોય ત્યાં પ્રવેશ

કરવો નહીં અને અરજદારના ઘરે આવી કોઈ ઝગડો કે ટંટો બળજબરી કરી હુમલો કરવો કરાવવો નહી કે, કોઈપણ પ્રકારની ક્ષતિ કરવી નહીં.

(૩) સદર કાયદાની કલમ –૧૯ મુજબ આ કામના સામાવાળા નં.૧ અતુલભાઈ ગોરધનભાઈ પટેલ ના ઓને આથી એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ અરજદાર ને રહેવા માટે ઈલાયદુ વસવાટ માટે મકાન ની વ્યવસ્થા કરી આપવી અને જો તેઓ તેમ કરવામાં કસુર કરશે તો તેઓએ દર મહીને નિયમિત પણે માસિક રૂપિયા–૭૫૦/–( અંકે રૂપિયા સાત સો પચાસ પુરા) ભાડા પેટે અરજદાર ને અન્ય જગ્યાએ રહેવા માટે ચૂકવી આપવા નો હુકમ કરવામાં આવે છે. વધુ માં તેઓ પણ હુકમ કરવા માં આવે છે કે તેઓ એ હાલ ના અરજદાર ના ઓ એ અરજી કરી ત્યાર થી આજ દીન સુધી રહેવા માટે ની કોઈ વ્યવસ્થા કરેલ નથી જેથી અરજી તારીખ– ૧૨/૦૮/૨૦૨૨ થી આ માસીક ભાડા ની રકમ રૂપિયા–૭૫૦/–(અંકે રૂપિયા સાત સો પચાસ પુરા) ચઢે ચઢયા ચુકવી આપવા.

(૪)સદર કાયદાની કલમ–૨૦ મુજબ માંગેલ દાદ અંગે અરજદાર ને અગાઉ ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ– ૧૨૫ મુજબ ની અરજી માં ભરણપોષણ ચૂકવી આપેલ હોય જેથી તે દાદ લગત હાલ ના કામે કોઈ હુકમ કરવા માં આવેલ નથી.

(૫) સામાવાળા નં.૧ અતુલભાઈ ગોરધનભાઈ પટેલ ના એ અરજદાર ને નુકશાની વળતર પેટે રૂા. ૫૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરા ચુકવી આપવા.

(૬) સામાવાળા નં.૧ અરજીના ખર્ચ પેટે અરજદાર ને રૂપિયા–૫૦૦/– ( અંકે રૂપિયા પાંચ સો પુરા) ચુકવી આપવા.

(૭)સદર હુકમની એક નકલ વિના મુલ્યે સદર કાયદાની કલમ–૨૪ અન્વયે અરજદારને આપવી તથા સંબધિત પોલીસ સ્ટેશને જાણ સારુ મોકલી આપવી.

(૮) સદર હુકમ સામાવાળા નં.૧ વિરૂધ્ધ કરવામાં આવે છે. સામાવાળા નંબર– ૨ થી ૫ વિરૂધ્ધમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૦૬/૦૫/૨૦૨૪

સ્થળ– મહુધા ( ભરતકુમાર મનમોહનભાઈ પરમાર)

જ્યુડીશીયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસ

મહુધા

**(કોડ નંબર– જીજે૦૧૩૪૮)**